# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત.

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. – ૩૯૫૦૦૧

Phone No.:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ E-mail :- suratdeo@gmail.com

web :- www.suratdeo.org


જા નં/મા-3/૨૦૨૬/5427

તા. ૧૩-૦૪-૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ,
માધ્યમિક અને ઉ. મા. શાળાઓ તમામ,
જિ. સુરત

વિષય: CGMS મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના 2025-26 માં વિદ્યાર્થીઓની હાજરી ની ખરાઈ કરવા બાબતે

જય ભારત સહ જણાવવાનું કે, CGMS મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટસ્કોલરશીપ યોજના 2025-26 માં વિદ્યાર્થીઓની સ્કોલરશીપ અને આનુસંગિક શાળાને મળવા પાત્ર કમ્પોઝિટ ગ્રાન્ટ સંદર્ભ પત્ર મુજબ વિદ્યાર્થીની હાજરી 80% ઉપર હોય તો જ COS કક્ષાએથી ચૂકવવામાં આવે છે.CGMS મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના 2025-26 માં ચાલુ વર્ષે <u>પ્રથમ સત્રમાં વિદ્યાર્થીની હાજરી 80% ઉપર છે કે નહીં</u> ?- તેની ખરાઈ શાળા કક્ષાએથી કરવાની રહેશે.જે વિદ્યાર્થીની હાજરી 80%થી ઓછી હોય તેવાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવા પાત્ર થતી નથી.જો કોઈ વિદ્યાર્થી ની હાજરી તબીબી, આકસ્મિક, ટેકનિકલ કે અન્ય માન્ય કારણસર ઓછી થતી હોય, અને લોગીનમાં ઓછી દર્શાવેલ હોય તો YES' પર કિલક કરીને તેને ૮૦% કે તેથી વધુ છે- તેમ દર્શાવવા માટે શાળાએ આ LINK:- https://cosnamopayments.com/Account/Loginમા શાળા લોગિનમાં STUDENT LIST માં જઇ STUDENT ATTEENDENCE VERIFICATION કરી શકે છે. (ટેકનિકલી કેટલાક વિદ્યાર્થીઓની હાજરી 80% થી વધુ દર્શાવેલ હશે જ, જેની પણ હાજરીના રેકર્ડ સાથે ચકાસણી કરી YES પર ક્લિક કરવુ.) જેના હાજરીના આધાર શાળાએ ભવિષ્ય માટે શાળા કક્ષાએ સાચવવાના રહેશે.

આથી, વિદ્યાર્થીઓની હાજરીની ખરાઈ દરેક શાળા પોતાના CGMS લોગીનમાંથી તા.૨૦/૦૪/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરશો.ત્યારબાદ જ જે તે વિદ્યાર્થીને અને શાળાને ગ્રાન્ટના પેમેન્ટ માટેની પ્રક્રિયા COS કક્ષાએથી થશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ.સુરત.